જુન ૨૦૧૭

કિંમત ` ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



# સંપાદકીય

બાળમિત્રો,

ક્રોધ કરવો ખરાબ છે, એ તો આપણને સૌને ખબર છે. છતાં આપણાથી હાલતાં-ચાલતાં ક્રોધ થઈ જ જાય છે. તો આવો, આજે આપણે ક્રોધને એક બીજા દ્રષ્ટિકોણથી જોઈએ, જે આપણને બહુ ભારે પડી જાય.

જાણો છો શું ?

એ જ કે, ક્રોધી કોઈને વહાલો ન લાગે.આપણે બધાને અળખામણા થઈ જઈએ એ આપણને કોઈને ન પોષાય, ખરું ને ?

તો આવો, એ કારણથી પણ ક્રોધને આપણામાંથી વિદાય આપીએ અને મુક્તિ અનુભવીએ. આ અંકમાં તમને ક્રોધ વાળાની અને ક્રોધ વગરનાની બધામાં છાપ કેવી પડે એનું વર્ણન આપ્યું છે જેથી આપણને ક્રોધનો ત્યાગ કરવાની હિંમત આવે.

-ડિમ્પલ મહેતા

# અક્રમ એક્સપ્રેસ

# ક્રોધી કોઈને વહાલો ન લાગે


તંત્રી તથા સંપાદકઃ
ડિમ્પલ મહેતા
વર્ષ : ૯, અંક : ૧૦
સળંગ અંક : ૧૦૬
જુન ૨૦૧૭



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Printed & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Owned by
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Printed at
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.





# દાદાજી કહે છે.....

## ક્રોધ એટલે અંધાપો

પ્રશ્નકર્તા : માણસની અંદર ક્રોધ થવાનું સામાન્ય રીતે મુખ્ય કારણ શું હોઈ શકે ?

દાદાશ્રી : દેખાતું બંધ થઈ જાય એટલે ! માણસ ભીંતને ક્યારે અથડાય ? જ્યારે એને ભીંત દેખાતી ના હોય ત્યારે અથડાઈ પડે ને ? એવું મહીં દેખાતું બંધ થઈ જાય એટલે માણસથી ક્રોધ થઈ જાય. આગળનો રસ્તો જડે નહીં એટલે ક્રોધ થઈ જાય. આપણા લોક નથી કહેતા કે કેમ બહુ ગુસ્સે થઈ ગયા ? ત્યારે કહે, 'કશું મને સૂઝ ના પડી એટલે ગુસ્સે થઈ ગયો.' હા, કંઈ સૂઝ ના પડે ત્યારે માણસ ગુસ્સે થઈ જાય. જેને સૂઝ પડે એ ગુસ્સે થાય ?

## ચીડિયાનો નંબર છેલ્લો

પ્રશ્નકર્તા : સાત્વિક ચીડ અગર તો સાત્વિક ક્રોધ સારો કે નહીં ?

દાદાશ્રી : એને લોકો શું કહે કે, 'આ તો ચીડિયા જ છે !' આ છોકરાંઓ પણ એને શું કહે કે, 'જવા દો ને એને. એ તો છે જ બહુ ક્રોધી. એને બાજુ પર મૂકો.' ચીડ એ મૂર્ખાઈ છે, ફૂલિશનેસ છે ! ચીડને નબળાઈ કહેવાય. આ વિકનેસ ના હોવી જોઈએ. એટલે સાત્વિક્તા હોય ત્યાં વિકનેસ ના હોય. તમે એના પર ક્રોધ કરો તો તો આ ક્રોધ એ તમારી નબળાઈ છે. જેનામાં નબળાઈ ના હોય તેની પર્સનાલિટી પડે ને ! એ તો અમથો, સાધારણ જ કહે ને, તોય બધા માની જાય.

પ્રશ્નકર્તા : કદાચ માને નહીં.

દાદાશ્રી : માને નહીં, તેનું શું કારણ ? તમારી પર્સનાલિટી પડતી નથી. ઘરમાં નાનાં છોકરાંઓને પૂછીએ કે, 'તારા ઘરમાં પહેલો નંબર કોનો ?' ત્યારે છોકરાંઓ શોધખોળ કરે કે મારી બા ચિડાતી નથી, એટલે સારામાં સારી એ, પહેલો નંબર એનો. પછી બીજો, ત્રીજો આમ કરતાં કરતાં પપ્પાનો નંબર છેલ્લો આવતો હોય !! શાથી ? કારણ કે એ ચિડાય છે. ચિડિયા છે તેથી. હું કહું કે 'પપ્પા પૈસા લાવીને વાપરે છે તોય તેમનો છેલ્લો નંબર ?' ત્યારે એ હા કહે. બોલો હવે, મહેનત-મજૂરી કરીએ, ખવડાવીએ, પૈસા લાવીને આપીએ, તોય પાછો છેલ્લો નંબર આપણો જ આવે ને ?

એટલે નબળાઈ ના હોવી જોઈએ, ચારિત્રવાન હોવું જોઈએ. મેન ઓફ પર્સનાલિટી હોવા જોઈએ. લાખો ગુંડાઓ એને જોતાં જ ભાગી જાય. આ તો ચીડિયા માણસથી તો કોઈ ભાગી ના જાય, ઊલટો મારે હઉં ! ઘરના જોડે નફો થયો ક્યારે કહેવાય કે ઘરનાને આપણા ઉપર પ્રેમ આવે, આપણા વગર ગમે નહીં ને ક્યારે આવે, ક્યારે આવે એવું રહ્યા કરે.

# જાદૂઈ સૂઝ



*જો ધાર્યું એનું ન થાય,*
*તો આંખો થઈ જાય લાલ-લાલ,*
*ગુસ્સો જેના નાકની ટોચે,*
*આ છે મારો ભાઈ કૃણાલ !*

ક્રીના માથા પરથી કેપ કાઢી, કૃણાલ સામે ધરતા બોલી.

"શટ અપ, ક્રીના, તારી ડ્રામાબાજી સ્કૂલમાં કરજે, અહીંયા નહીં. સમજી?" કૃણાલ લાલ-પીળો થઈ ગયો.

"સોરી ભાઈ," ક્રીનાએ કેપ પહેરી લીધી અને દોડતી દોડતી રૂમમાંથી કંઈક લઈ આવી, "આ જો ભાઈ, મેં તારી ફોટો ફ્રેમ ડેકોરેટ કરી. કેવી દેખાય છે ?" આશાભરી નજરે ક્રીના કૃણાલ સામે જોઈ રહી હતી.



"વ્હોટ ? તને કેટલી વાર કહ્યું છે કે મારી વસ્તુઓને અડીશ નહીં. સમજાતું નથી ? અત્યારે મારે અમોલના ઘરે જવાનું મોડું થાય છે. પણ આવીને હું તને જોઈ લઈશ." ક્રીનાને ધમકી આપી, કૃણાલ ત્યાંથી ચાલ્યો ગયો. ઉદાસ ચહેરે ક્રીના ફોટો ફ્રેમને જોઈ રહી.

પાંચના ટકોરે કૃણાલ અને બીજા મિત્રો અમોલના ઘરે કેરમ રમવા ભેગા થયા. બધાએ ડબલ્સમાં રમવાનું નક્કી કર્યું. કૃણાલ અને અમોલ એક ટીમમાં રહ્યા.

કૃણાલને એની કેરમ સ્કીલ માટે ભારે અભિમાન. પણ તે દિવસે કૃણાલનું અભિમાન ચકનાચૂર થઈ ગયું. સતત ત્રણવાર કૃણાલનું સ્ટ્રાઈકર હોલમાં જતું રહ્યું અને પેનલ્ટી થઈ.

અમોલે મસ્તીમાં કહ્યું, "કઈ ટીમ માટે રમે છે, કૃણાલ ? ધ્યાનથી રમ"

આ સાંભળી કૃણાલ જબરજસ્ત ભભૂકી ઊઠ્યો. આખું કેરમ બોર્ડ ઊંચકીને એણે અમોલ તરફ ફેંક્યું. બધી કુકરીઓ વેર-વિખેર થઈ ગઈ. ક્રોધની બળતરામાં એને ભાન જ ના રહ્યું કે એ શું કરી રહ્યો હતો. ન બોલવાના શબ્દો એણે અમોલને કહ્યા અને પછી જોરથી બારણું પછાડી બહાર નીકળી ગયો.

"કૃણાલ, સાંભળ....." અમોલે એને બોલાવ્યો. પણ કૃણાલ કશું સાંભળવાના મૂડમાં નહોતો. જેમ તેમ શૂઝમાં પગ નાખી એ ધડધડ બિલ્ડીંગના દાદરા ઉતરવા લાગ્યો.

પણ અચાનક એ થોભી ગયો. એના દિલના ધબકારા ખૂબ વધી

ગયા. એને એક વિચિત્ર પીડા થઈ રહી હતી. એની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યા. આ શું થઈ રહ્યું હતું ?

અમોલના મનમાં ચાલતા વિચારો કૃણાલને આબેહૂબ વંચાવા લાગ્યા, "કૃણાલ આટલો ગુસ્સો કેમ કરતો હશે ? એને ખબર નહીં પડતી હોય કે મને એના ગુસ્સાથી કેટલું બધું દુઃખ થાય છે. કોઈ એને આવું દુઃખ આપે તો એને ખબર પડે. મેં તો ફક્ત મજાક જ કરી હતી. મારે એને દુઃખ નહોતું આપવું."

અમોલના દુઃખનો કૃણાલને અનુભવ થઈ રહ્યો હતો. જાણે, એ પોતે અમોલ બની ગયો હતો.

અચાનક એને પગમાં કંઈક ખૂંચ્યું. જોયું તો ઉતાવળમાં એણે અમોલના શૂઝ પહેરી લીધા હતા. શૂઝમાંથી પગ બહાર કાઢ્યા, તો પેલું દર્દ ગાયબ થઈ ગયું. અને વિચારો પણ બંધ થઈ ગયા.

"આ શું થઈ રહ્યું છે ? આવું કેવી રીતે બની શકે ?" કૃણાલને કંઈ સમજાઈ નહોતું રહ્યું.

ફરી, એણે શૂઝ પહેર્યા. અને અમોલના મનમાં ચાલતી વિચારોની શૃંખલા પાછી એને દેખાવા લાગી, "હવે હું કૃણાલ સાથે ક્યારેય વાત નહીં કરું. કોઈને એ ગમતો નથી, છતાંય હું એને મારો ફ્રેન્ડ ગણતો હતો. પણ એને મારી કોઈ કદર જ નથી. હવે હું પણ એને ક્યારેય નહીં બોલાવું. એક આટલી નાની અમથી વાતમાં એણે મને આટલું બધું કહી દીધું...." અમોલને થઈ રહેલું દુઃખ કૃણાલથી સહન ના થયું અને એણે શૂઝ કાઢી નાખ્યા.

"જે દુઃખ હું પોતે સહન ના કરી શકું, એ બીજાને કેવી રીતે આપી શકું ?" કૃણાલનું હૃદય હલી ગયું.

શૂઝ હાથમાં પકડી, એ અમોલના ઘર તરફ પાછો વળ્યો.

દરવાજા પાસે કૃણાલને સંકેતનો અવાજ સંભળાયો, "અમોલ, યાર, ચીયર અપ ! કૃણાલના વિચારો છોડ. એ તો "ગાર્બેજ ટ્રક" છે. એટલે એ જ્યાં ને ત્યાં ગાર્બેજ ફેંકે છે. એના વિષે વિચારીને તું તારો ટાઈમ કેમ વેસ્ટ કરે છે ?"

સંકેતનું આ વાક્ય કૃણાલના હૃદયમાં તીરની જેમ વાગ્યું. પોતે માનેલી બધી જ માન્યતાઓનો મહેલ તૂટી પડ્યો. આજ સુધી તે માનતો હતો કે બધા મિત્રો સામે તેનો રોફ પડે છે. આજે એને ખબર પડી કે કોઈ મિત્ર તેને પસંદ નથી કરતું. અને કરે પણ ક્યાંથી ? જે હંમેશા ચિડિયા ખાય, એ કોને ગમે ?



પણ, આજે ચાર ડગલાં અમોલના શૂઝમાં ચાલીને, કૃણાલને સમજાયું કે ક્રોધથી એણે

કેટલા દુઃખો આપ્યા છે. કેટલાયની લાગણીઓ દુભાવી છે. આજે એને સહુની લાગણીઓનો અહેસાસ થયો હતો. અમોલના શૂઝ જગ્યા પર પાછા મૂકી, પોતાના શૂઝ પહેરી એ ચૂપચાપ ત્યાંથી નીકળી ગયો.

અમોલના શૂઝમાં ઉત્પન્ન થયેલા જાદુઈ પાવરનું રહસ્ય તો કૃણાલને ના સમજાયું. પણ એ પાવરે પાડેલો ફોડ એના હૃદયમાં અંકિત થઈ ગયો.

આખા રસ્તે, એને પોતાની ભૂલોનો જબરજસ્ત પસ્તાવો થયો. વારે વારે ક્રીનાનો ઉદાસ ચહેરો પણ એની આંખો સામે તરી આવતો હતો.

''ટીંગ ટોંગ,'' દિલમાં અત્યંત ખેદ સાથે કૃણાલે ઘરની ડોર-બેલ વગાડી.

ક્રીનાએ દરવાજો ખોલ્યો. કૃણાલને જોતાં જ, એ મોઢું નીચું કરીને પોતાના રૂમમાં ચાલી ગઈ.

પેઈન્ટ બ્રશ લઈને, ક્રીના પોતાના પેન્ટિંગને ફાઈનલ ટચ આપી રહી હતી, ત્યાં તો કૃણાલ પાછળથી આવ્યો અને બોલ્યો, ''શું વાત છે ક્રીના ! ફોટો ફ્રેમ મસ્ત લાગે છે !''

''સાચે ભાઈ ?! તને ગમી ?'' ક્રીનાને પોતાના કાન પર વિશ્વાસ ના બેઠો. પેઈન્ટ બ્રશ હાથમાં રાખીને એ ધડ દઈને પાછળ ફરી. અને રંગોના છાંટા કૃણાલના ટી-શર્ટ પર ઊડ્યા.

''ઓહ નો !'' ક્રીનાનું મોં ખુલ્લું જ રહી ગયું અને ડરથી એક શબ્દ પણ આગળ ના નીકળ્યો.

''અરે વાહ ! આ તો ટી-શર્ટ પર પણ ડિઝાઈન પડી ગઈ, ક્રીનુ !'' કહી કૃણાલ હસી પડ્યો.

કેટલા વખત પછી કૃણાલે ક્રીનાને આમ વહાલથી ''ક્રીનું'' કહ્યું હતું.

''ભાઈ, તું મજામાં છે ને ? આ તને શું થઈ ગયું ?'' ક્રીનાના અચંબાનો પાર ના રહ્યો.

ટેબલ પરથી ક્રીનાની કેપ ઊંચકી માથા પર મૂકી, કૃણાલ ધપ દઈને બેડ પર બેઠો. પછી, ક્રીનાની સ્ટાઈલમાં બોલ્યો :

***જો જીતવું હોય દુનિયાને,***
***તો સમજો એક સાર...***
***ફેંકી દો ક્રોધની તલવાર,***
***ને ઉઠાવો પ્રેમનું હથિયાર !***
***અને બંને એકબીજાને***
***જોઈને હસી પડ્યા.***




# આ તો નવી જ વાત !

## ક્રોધના કારણો

૧ સૂઝવાનું બંધ થઈ જાય ત્યારે (અટક્યા હોય ત્યારે કોઈ ઉપાય ન જડે ત્યારે)

૨ ધાર્યું ન થાય એટલે (સામેવાળો આપણા કહ્યા પ્રમાણે ન કરે ત્યારે)



૩ કોઈ આપણું અપમાન કરે ત્યારે


૪ એકની એક વાત સામાને ઘડી ઘડી સમજાવવાની આવે ત્યારે

૫ મોહ ન પોષાય ત્યારે (જે જોઈએ એ ન મળે ત્યારે)

# પ્રોબ્લેમ સોલ્વીંગ ટેકનીક





ફરી ક્લાસરૂમમાં ચુપકીદી છવાઈ ગઈ. દાખલાનો જવાબ કોઈને નહોતો આવડી રહ્યો.
મિત્રો, હું આ પ્રોબ્લેમનો જવાબ આપું, એ પહેલા હું તમને એક વાર્તા કહું.
એક ખેડૂત હતો. એક દિવસ તબેલામાં એની ઘડિયાળ ખોવાઈ ગઈ. એ ખૂબ અકળાઈ ગયો. ઘણું શોધવા છતાંય એને ઘડિયાળ ના મળી.
તબેલાની બહાર થોડા બાળકો રમતા હતા.
તબેલામાં મારી ઘડિયાળ ખોવાઈ ગઈ છે. જે શોધી આપશે, તેને હું ઈનામ આપીશ.
બધા બાળકો ઘડિયાળ શોધવા લાગ્યા. કોઈને ઘડિયાળ મળી નહીં. અંતે બધા થાકીને ચાલ્યા ગયા.
હું ફરી શોધું ?
હા, હા... ચોક્કસ.



થોડીવાર રહીને,
અરે, તને કેવી રીતે મળી ? તેં શું કર્યું ?
આ લો,તમારી ઘડિયાળ.
હું શાંતિથી જમીન પર બેઠો. તબેલામાં અત્યંત શાંતિ હોવાથી મને ઘડિયાળની ટીક, ટીક, ટીક સંભળાઈ. અવાજની દિશામાં શોધવાથી મને એ મળી ગઈ.
જ્યારે પ્રોબ્લેમનો ઉકેલ ના સૂઝે, ત્યારે આગળ શું કરવું એ સમજાય નહીં અને ત્યારે ક્રોધ આવે.
પણ જો અકળાયા વગર, ઠંડે કલેજે, પેલા નાના બાળકની જેમ શાંતિથી શોધીએ, તો ચોક્કસ ઉકેલ મળે. મેથેમેટિક્સની જેમ જીવનના પ્રોબ્લેમ્સનો ઉકેલ પણ આ જ રીતે મળે.


રૂદ્ર સામે નજર કરીને મિસ્ટર મુખર્જી બોલ્યા,
તારું નામ શું છે દોસ્ત ?
રૂદ્ર
રૂદ્ર, હું તારી ઉંમરનો હતો, ત્યારે ખૂબ જ ક્રોધી હતો. એક દિવસ એક દાખલાનો જવાબ ન મળતા, ક્રોધિત થઈને મેં એક પથ્થરને એવી લાત મારી કે મારો અંગૂઠો ઘવાઈ ગયો.
ઘવાયેલા અંગૂઠા પર જ્યારે હું શાંતિથી પાણી રેડતો હતો, તે વખતે મને દાખલાનો જવાબ સૂઝયો.
ત્યારે મને સમજાયું કે ક્રોધિત થવાથી હું ફક્ત મારી જાતને જ નુકસાન પહોંચાડું છું. પણ જો ઠંડે કલેજે પ્રોબ્લેમનું પૃથ્થકરણ કરીએ તો ચોક્કસ ઉકેલ મળે છે.
ત્યાં તો રૂદ્રના ચહેરા પર અચાનક ચમક આવી ગઈ. મિસ્ટર મુખર્જી પાસે જઈને એમને પેપર ધર્યું.
સર, મને પ્રોબ્લેમનો જવાબ મળી ગયો, તમારી પ્રોબ્લેમ સોલ્વીંગ ટેકનીકથી.




જો

2+3=10

4+5=36

8+4=96

તો

12+6=____



બાજુના ચિત્રમાં ગુસ્સાવાળા ચહેરા કેટલા છે તે ગણો.

# ચાલો રમીએ...



રસ્તો શોધો.

# ઐતિહાસિક ગૌરવગાથા

રૂપ-રૂપના અંબાર જેવી કૌમુદી, માતા-પિતાની અત્યંત લાડકવાયી હતી. સાત પુત્રો પછી જન્મેલી પુત્રીને, માતા-પિતાએ પુષ્કળ ધન ખર્ચીને ભણાવી અને ૬૪ કળાઓમાં નિપુણ બનાવી,

પરણવાની ઉંમર થઈ, ત્યારે કૌમુદીએ કહ્યું કે, એ એને જ પરણશે જે એની આજ્ઞામાં રહે.

યુવાનોને કૌમુદીની આ શરત મંજૂર નહોતી. પણ તે જ શહેરમાં નવા આવેલા પ્રધાને વિચાર્યું, "બહુ બહુ તો એની આજ્ઞામાં શું હશે ? મારે આ જોઈએ , તે જોઈએ. હું તો સંપત્તિવાન છું. પહોંચી વળીશ." એમ સમજી, કૌમુદીની શરતનો સ્વીકાર કરી, તે એને પરણ્યો.

લગ્ન બાદ ઘણા વર્ષો સુખમાં પસાર થયા. કૌમુદીની બધી જ આજ્ઞા પ્રધાન પાળતો. એક દિવસ કૌમુદીએ એના પતિને કહ્યું, "હવેથી તમારે દરરોજ સૂર્યાસ્ત પહેલાં ઘરે પાછા આવતા રહેવાનું."

પ્રધાને આ આજ્ઞા વધાવી લીધી. દરરોજ રાજકાજથી પરવારી તે સાંજે વહેલો ઘરે આવવા માંડ્યો.

રાજ્યસભામાં કેટલાકને આ વાતની ખબર પડી. દ્વેષના કારણે તેઓએ રાજાના કાન ભંભેર્યા અને કહ્યું કે પ્રધાન તો વહુ ઘેલો છે. રાજાને આ વાત વિચિત્ર લાગી અને એમણે પ્રધાનને પારખવાનું નક્કી કર્યું.

એક દિવસ એમણે પ્રધાનને કહ્યું, "આજ જરૂરી કામ હોવાથી, સાંજે તમે અત્રે રોકાઈ જજો. ખાસ અગત્યનું કામ છે."

પ્રધાનને રાજાના કહેવાથી સાંજે રોકાઈ જવું પડ્યું. કામ પતાવતા રાતના એક વાગ્યો. ઘરે પહોંચી દ્વાર ખખડાવ્યા. પત્ની તો બારણું બંધ કરીને સૂઈ ગઈ હતી. પ્રધાને ઘણું ખખડાવ્યું, પણ કૌમુદીએ દ્વાર ના ખોલ્યો.

પ્રધાને ખૂબ આજીજી કરી, "કૌમુદી, રાજાના કહેવાથી હું રોકાઈ ગયો હતો. નોકરે શેઠની આજ્ઞા પાળવી જ જોઈએને. આજનો દિવસ માફ કર."

પ્રધાન ખૂબ કરગર્યો ત્યારે ધૂંઆંપૂંઆ થયેલી કૌમુદીએ દ્વાર ખોલ્યા અને કહ્યું, "તમને મારી આજ્ઞાનો ભંગ કરતાં શરમ ના આવી ? તમે રાજાને પરણ્યા છો કે મને ?" પ્રધાનની આજીજીઓ કૌમુદીએ ફગાવી દીધી અને રાત્રે જ પોતાનું ઘર છોડી, પિતાના ઘરે જવા નીકળી પડી.

પ્રધાને કૌમુદીને સવારમાં ઊઠીને જવા માટે ખૂબ સમજાવી પણ ક્રોધમાં બળી રહેલી કૌમુદી કોઈ રીતે માની નહીં. પ્રધાન કૌમુદીને મૂકવા માટે નીકળ્યો, પણ કૌમુદીએ ધમકી આપીને પ્રધાનને પાછો મોકલી દીધો.

રસ્તામાં ચોરોએ કૌમુદીને પકડી લીધી અને પોતાના આગેવાન પલ્લીપતિને સોંપી. કૌમુદીનું રૂપ જોઈ, પલ્લીપતિ એના પર મોહી પડ્યો અને કૌમુદી સાથે પરણવાનો પ્રસ્તાવ મૂક્યો.

પણ કૌમુદી સંપૂર્ણ ચારિત્રવાન નારી હતી. શીલગુણોની મૂર્તિ સમાન કૌમુદીએ સાફ શબ્દોમાં ચોરોના સરદારને સંભળાવી દીધું, "હે પાપી, હું એક પરણેલી સન્નારી છું અને મારા પતિ સિવાય કોઈ પણ પરપુરૂષનો વિચાર સુધ્ધા નહીં કરું. તું મારા શરીરના ટુકડે-ટુકડા પણ કરીશ, તો પણ જીવતા જીવ, હું તને નહીં પરણું."

સરદારે કૌમુદી પાસે સખત મહેનતનું કામ લેવા માંડ્યું. કામ કરવામાં વાર લાગે તો ઢોર માર મારવા લાગ્યો. છતાંય, કૌમુદી સરદારની ઈચ્છાને આધીન ના થઈ.

કૌમુદીની આવી અડગતા જોઈને, પલ્લીપતિ સમજી ગયો કે, એ સતી સ્ત્રી છે. જો કદાચ એ મને શ્રાપ આપશે, તો હું બળીને ભસ્મ થઈ જઈશ.


એમ વિચારીને, પલ્લીપતિએ કૌમુદીને બર્બરકુંટ નામના નગરમાં એક નીચ કુળના માનવને સોંપી દીધી. એ વ્યકિતએ પણ કૌમુદીને લલચાવવાના ઘણા પ્રયત્નો કર્યા, પણ કૌમુદી પોતાના ચારિત્રમાં અડગ રહી. એટલે એ નીચ માનવીએ કૌમુદીને ભયંકર દુઃખ આપવાનું શરૂ કર્યું.

જોગાનુજોગ, એ વખતે કૌમુદીનો ભાઈ વેપાર અર્થે બર્બરકુંટ આવ્યો. નગરમાં ફરતાં ફરતાં તેને જાણવા મળ્યું કે એક રૂપવતી બાઈને એક પાપી માણસ ખરીદીને લાવ્યો છે અને એને ઘણું દુઃખ આપે છે. કુતૂહલવશ, કૌમુદીનો ભાઈ પેલા પાપીના ઘરે જોવા ગયો. પોતાની સગી બહેનને દુઃખના ડુંગરતળે દબાયેલી જોઈને એ ધ્રૂજી ઉઠ્યો. તેણે પોતાની બહેનને ધન આપીને છોડાવી પોતાને ઘરે લઈ ગયો.

કૌમુદીને જોઈને સઘળા કુટુંબીજનો રાજી થયા. અસહ્ય દુઃખમાં કૈમુદીએ પોતાના શીલની રક્ષા કરી, તે જાણતાં એના પતિ સહિત બધા હર્ષવિભોર બની ગયા.

આ સમય દરમ્યાન એણે અભિમાન અને ક્રોધના માર કેવા હોય છે, એનું તારણ કાઢી લીધું હતું. અને તેથી જ ક્યારેય અભિમાન કે ક્રોધ ન કરવાની તેણે મનોમન પ્રતિજ્ઞા કરી.

આ પ્રતિજ્ઞાથી તે એવી પવિત્ર બની કે એની ક્ષમા, શીલ અને ધીરજની પ્રશંસા દેવલોકના દેવ કરવા લાગ્યા. જે કૌમુદી પહેલાં અભિમાન અને ક્રોધનો દાવાનળ હતી, તે હવે ક્ષમાનો સાગર બની ચૂકી હતી.



એક દિવસ એ નગરની બહાર, ઉદ્યાનમાં કોઈ મુનિરાજ ધ્યાનમાં ઊભા હતા. તે વખતે કોણ જાણે ક્યાંકથી અચાનક આગ લાગી. આથી ધ્યાનસ્થ મુનિનું શરીર અગ્નિના દાહથી બળવા લાગ્યું. લોકોએ આગ ઓલવી નાખી. મુનિ સમભાવે વેદના સહન કરી રહ્યા હતા. મુનિરાજનો ઈલાજ કરવા, એક વૈદ્યરાજને બોલાવવામાં આવ્યા. વૈદ્યરાજે કહ્યું, "આ દાહ ફક્ત લક્ષપાક તેલથી મટે. જ્યાંથી મળે, ત્યાંથી લક્ષપાક તેલ લઈ આવો."

લક્ષપાક તેલ ખૂબ મૂલ્યવાન હોવાથી, બધાના ઘરે ના મળે. ત્યાં ઉપસ્થિત એક શેઠને ખ્યાલ હતો કે તેલ કૌમુદીના ઘરે હતું. બે મુનિરાજ કૌમુદીના ઘરે, લક્ષપાક તેલ વહોરવા આવ્યા. મુનિરાજને પોતાના ઘરના આંગણે જોઈ, કૌમુદી હરખાઈ ગઈ. એણે દાસીને કહ્યું, "બહેન, માળિયાના કબાટમાંથી લક્ષપાક તેલનો બાટલો લઈ આવો." દાસી લક્ષપાકનો બાટલો લઈ, નીચે ઉતરી.

તે જ વખતે, દેવલોકમાં કૈમુદીની પ્રશંસા થઈ રહી હતી. આ પ્રશંસા એક દેવથી સહન ન થઈ. દેવને થયું,

"વળી, એવી તે કઈ સ્ત્રી છે, જે વિપરીત અવસ્થામાં ક્રોધ ના કરે." કૌમુદીની પરીક્ષા કરવા, દેવે અદ્રશ્ય રૂપે આવીને દાસીના હાથમાંથી તેલનો બાટલો નખાવી દીધો. અતિ મૂલ્યવાન લક્ષપાક તેલ ઢોળાઈ ગયું. દાસી ખૂબ જ ગભરાઈ ગઈ. પણ કૌમુદીએ શાંતિથી કહ્યું, "ગભરાઈશ નહીં. જા, બીજો બાટલો લઈ આવ." બીજીવાર પણ દેવે દાસીના હાથમાંથી તેલનો બાટલો ગબડાવી દીધો. દાસી બેબાકળી બની રડવા લાગી. છતાં કૌમુદી ગુસ્સે ના થઈ, અને ફરીવાર શાંતિથી બાટલો લાવવા વિનંતી કરી. પણ દૈવીશક્તિના પ્રભાવે ત્રીજીવાર પણ બાટલાની એ જ દશા થઈ. લાખ લાખ સોનામહોરની કિંમતના ત્રણ બાટલા ફૂટી જવા છતાંય, એક વખતની ક્રોધાવતાર કૌમુદી સહેજ પણ ગુસ્સે ના થઈ.

પણ તેને એક વિચાર આવ્યો, "અરે, મારા ઘરે મુનિરાજ પધાર્યા છે, અને હું શેઠાણીની જેમ બેસીને દાસીને હુકમ ફેંક્યા કરું છું. હવે, છેલ્લો બાટલો બચ્યો છે. તે હું જાતે જ લઈ આવું." એમ વિચારી, તે બાટલો લેવા ઉપર ચઢી. દેવે બાટલો ફેંકી દેવા ખૂબ મહેનત કરી. પણ કૌમુદીના શીલના પ્રતાપે તે ન ફાવ્યો. કૌમુદીએ પ્રેમથી મુનિરાજને લક્ષપાક તેલ વહોરાવ્યું અને ધન્યતા અનુભવી. મુનિશ્રી પણ કૌમુદીની ધીરજ અને ક્ષમા જોઈ ખૂબ પ્રસન્ન થયા અને એને આશીર્વાદ આપી, ત્યાંથી વિદાય થયા.

બીજી બાજુ પરીક્ષા કરવા આવેલા દેવ પોતાની પરીક્ષામાં ઉતીર્ણ થયેલ કૌમુદીને અભિનંદન આપવા પ્રત્યક્ષ રૂપે પ્રગટ થયા અને કહ્યું, "ઈન્દ્રના મુખે તમારી પ્રશંસા સાંભળી, એટલે તમારી પરીક્ષા કરવા આવ્યો હતો. ત્રણ લક્ષપાક તેલના બાટલા મેં જ ફોડ્યા હતા. હે સતી ! તમે તમારા જીવનમાં ખરેખર ક્ષમાધર્મ અપનાવ્યો છે. ઈન્દ્ર મહારાજાએ કરેલ પ્રશંસા સત્ય છે. એમાં હવે મને કોઈ શંકા નથી. તમારી ક્ષમાશીલતા આ જગત માટે આદર્શરૂપ છે."

કૌમુદીના આવા ઉચ્ચ ગુણોના પ્રભાવે દેવે તેના પર પ્રસન્ન થઈ સુગંધિત પુષ્પો અને સોનામહોરોની વૃષ્ટિ કરી અને ત્રણ લક્ષપાકના જે બાટલા તેણે ફોડી નાખ્યા હતા તે જેવા હતા તેવા કરીને મૂકી દીધા.

સતીને વંદન કરીને, દેવ એના સ્થાને ચાલ્યો ગયો.



# જીવંત ઉદાહરણ



**જોહ્ન ડી. રોકેફેલરે** સ્થાપિત કરેલી, સ્ટાન્ડર્ડ ઓઈલ કંપની, દુનિયાની, સૌથી મોટી કંપનીઓમાંની એક હતી.

એક વખત કંપનીના એક એક્ઝીક્યુટીવના ખોટા નિર્ણયના કારણે કંપનીને લગભગ બે મિલિયન ડોલરની ખોટ ગઈ. સો વર્ષ પહેલાં આ રકમ ખૂબ મોટી ગણાય.

એડ્વર્ડ બેડફર્ડ, જે કંપનીના પાર્ટનર હતા, તેઓ રોકેફેલરને એમની ઓફિસમાં મળવા આવ્યા. જોયું તો રોકેફેલર એક કાગળિયા પર કશું લખી રહ્યા હતા.

થોડી વાર રહીને તેમણે બેડફર્ડ તરફ જોઈને કહ્યું, "કંપનીની ખોટ વિષે તો તમને ખબર મળી જ ગઈ હશે. હું એ જ વિષે વિચારી રહ્યો હતો. એ એક્ઝીક્યુટીવ સાથે રૂબરૂમાં વાત કરું, એ પહેલાં થોડી નોટ્સ બનાવી રહ્યો હતો."

બેડફર્ડની નજર ટેબલ પર પડેલા કાગળિયાના લખાણ પર ગઈ. એ કાગળિયા પર રોકેફેલરે લખ્યું હતું,

"મિસ્ટર.....ના પક્ષમાં પોઈન્ટ્સ," એ હેડીંગ નીચે એ વ્યક્તિના ગુણોનું એક લાંબુ લીસ્ટ હતું. એ લીસ્ટમાં એ પ્રસંગોના ઉલ્લેખ હતા, કે જેમાં એ વ્યક્તિના સાચા નિર્ણયોના કારણે કંપનીને ખૂબ જ મોટા નફા થયા હતા, જેની રકમ એમના ખોટા નિર્ણયોના કારણે થયેલી ખોટથી ઘણી વધુ હતી.



આ પ્રસંગને યાદ કરતા બેડફર્ડે કહ્યું હતું, "આ પાઠ હું ક્યારેય ના ભૂલ્યો. જ્યારે જ્યારે મને કોઈ વ્યક્તિ પર ક્રોધ આવતો, ત્યારે ત્યારે હું એના સારા ગુણોનું લીસ્ટ બનાવતો. એ લીસ્ટ બનાવતા, મને એ વ્યક્તિનું પોઝીટીવ સ્પષ્ટ દેખાતું, અને મારો ક્રોધ ઓગળી જતો."

મિત્રો, ક્રોધ ટાળવાની રોકફેલસીની સમજ કેવી સુંદર કહેવાય ! આવી અદ્ભુત સમજ વડે એમણે કંપનીમાં સહુના દિલ જીત્યા અને અદ્ભુત સફળતા મેળવી.



# મીઠી યાદેં

એક વખત નીરુમા સત્સંગ માટે બે-ચાર દિવસ બહારગામ ગયા હતા. તે અરસામાં અમુક લોકોએ સીમંધર સીટીમાં આવેલ વીતરાગ ગાર્ડનમાં બેડમિન્ટનની નેટ લગાવી, થોડા થાંભલા ઊભા કરી, બેડમિન્ટન રમવાનું શરૂ કર્યું. રમવાના કારણે ગાર્ડનની લોન થોડી ખરાબ થઈ ગઈ.પાછા ફર્યા, પછી એક દિવસ સવારે નીરુમા વોક લેવા નીકળ્યા. લોનની હાલત જોઈને, નીરુમાએ એક ભાઈને વાત્સલ્યમાં બોલાવ્યા.

નીરુમાનો આમ ઓચિંતો ફોન આવ્યો, એટલે એ ભાઈને અણસાર આવી ગયો હતો કે નીરુમા કોઈ વાતથી નારાજ થયા છે. ભાઈએ જઈને, નીરુમાને "જય સચ્ચિદાનંદ" કહ્યું. પણ નીરુમાએ સચ્ચિદાનંદ કર્યા વગર પૂછ્યું, "કોણે ચાલુ કર્યું બેડમિન્ટન ?" પેલા ભાઈને કોઈનું નામ દેવાનું યોગ્ય ના લાગ્યું, એટલે એમણે કહ્યું, "હા, નીરુમા, ત્યાં બેડમિન્ટન ચાલુ થયું છે."

નીરુમાએ કડક શબ્દોમાં એ ભાઈને કહ્યું, "તને કંઈ ભાન પડે છે કે આ ગાર્ડનની લોનનું શું થાય ? આ બધું લગાડતાં પહેલાં કોઈને પૂછવાનું નહિ ?" હવે, હકીકતમાં તો પેલા ભાઈને આ બાબતની કશી ખબર જ નહોતી. પણ છતાંય તેમણે ભૂલ સ્વીકારી લીધી, નીરુમાએ તાત્કાલિક બધું સાફ કરાવી નાખવાની સૂચના આપી અને જે લોકોએ આમ રમવાનું શરૂ કર્યું હતું, તેમના નામ તપાસ કરી જણાવવા કહ્યું. પેલા ભાઈએ તરત જ નીરુમાની વાત કબૂલ કરી.

એ ભાઈ નીરુમા પાસેથી નીકળ્યાને અડધો જ કલાક થયો હતો અને નીરુમાએ એમને ફોન કરી, ફરી એમને વાત્સલ્યમાં બોલાવ્યા. પેલા ભાઈને થયું, કે હજી નીરુમાને ખખડાવવાનું બાકી રહી ગયું હશે.ભાઈ ગયા એટલે નીરુમાએ એટલા પ્રેમથી વાતને વાળી લેતાં એમને કહ્યું, "આપણે બેડમિન્ટન કોર્ટ આ જગ્યાએ નહીં, પણ પેલી બીજી જગ્યાએ બનાવીએ તો કેવું ?" પેલા ભાઈએ તરત જ નીરુમાની વાત વધાવી લીધી.

નીરુમા બોલ્યા, "આપણા છોકરાઓ માટે કે બીજા કોઈ માટે બેડમિન્ટન રમવાનું બંધ ન થવું જોઈએ. તાત્કાલિક કન્સ્ટ્રક્શન ટીમને મળીને કામ પતાવી દેજે." ત્યારબાદ સતત એક અઠવાડિયા સુધી નીરુમા એ ભાઈને કામના પ્રોગ્રેસ વિષે પૂછતા રહ્યા.

આમ, નીરુમાની મરજી વિરુધ્ધનું કામ થયું, એમાં કોઈનું પણ મન દુભાવ્યા વગર નીરુમા, પ્રેમથી એનો ઉકેલ લાવ્યા. આજની તારીખમાં પણ સીમંધર સીટીમાં બેડમિન્ટન કોર્ટ તે જ જગ્યાએ છે.

પઝલના જવાબો - ૧) E ૨) 216 ૩) 27

# Summer Camp ની ઝલક









## સીમંધર સીટી

૪ થી ૭ વર્ષના બાળકો માટે





## રાજકોટ





## જામનગર





૮ થી ૧૨ વર્ષના બાળકો માટે



## ભુજ







## મોરબી





## ભાવનગર





## રાજકોટ



Akram Express
June 2017
Year : 9, Issue : 10
Conti. Issue No.: 106

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month







<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં **#** હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં **# #** હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.